અગત્યનું/ By-Email

ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૦૪૫૪
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૧૭/૦૬/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય : યોગ સપ્તાહની ઉજવણી કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વૈશ્વિક સંસ્થા United Nations Organisation દ્વારા તા.૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને દર વર્ષે ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ, ચાલુ વર્ષે કોવિડ-૧૯ કોરોના મહામારીને ધ્યાને લઈ સામૂહિક યોગનું આયોજન કરવું હિતાવહ ન હોઈ યોગ સપ્તાહના ઉપક્રમે આગામી તા.૧૯/૬/૨૦૨૦ ના શુક્રવારના રોજ આપના તાબા હેઠળની તમામ શાળાઓના શિક્ષકો, આચાર્યશ્રીઓ, સુપરવાઈઝર, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ તેઓના પરિવારજનો પોતાના ઘરે, અગાસીમાં,આંગણામાં અનુકૂળ જગ્યાએ પોતાનું મનગમતું યોગાસન કરે અને તેનો ફોટો કે વિડીયો બનાવી ફેસબુક, ટ્વીટર કે ઈન્સ્ટાગ્રામ પર #DoYogaBeatCorona સાથે અપલોડ કરે તેવી સૂચના આપની કક્ષાએથી આપવા તથા આ યોગાસનો તા.૧૯/૦૬/૨૦૨૦ ના રોજ કરવામાં આવે તે બાબતે ખાસ ધ્યાન રાખવા જણાવવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં ગણતરી થનાર હોઈ અપલોડ કરવામાં આવેલા ફોટોગ્રાફ્સની સાથે ટેક્સ્ટ મેટરમાં #DoYogaBeatCorona આ હેશટેગ અવશ્ય લખવાનું રહેશે.

(સહી)

ક્રમાંક/ ૧૦૮૭૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૧૮/૦૬/૨૦

- નકલ રવાના થાય તથા અમલ સારું.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા.
ઉ.મા. શાળાઓ તમામ.

Scanned by CamScanner